રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહ તાજિકિસ્તાનમાં શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ)ની સરકારના વડાઓની પરિષદની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહ શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ)ની સરકારના વડાઓની પરિષદ (સીએચજી)ની 25મી બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે તાજિકિસ્તાનના દુશાંબેની મુલાકાત લેશે. આ બેઠક 19–20 ઑક્ટોબર 2026 દરમિયાન યોજાવાની છે.

2. આ બેઠકમાં એસસીઓના સભ્ય દેશો વચ્ચે ખાસ કરીને વેપાર, અર્થતંત્ર, રોકાણ, સંપર્કસુવિધા, નવીનતા અને સાંસ્કૃતિક-માનવતાવાદી આદાનપ્રદાનનાં ક્ષેત્રોમાં બહુપક્ષીય સહયોગને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ બેઠકમાં ચાલુ સહકાર પહેલોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે અને સંગઠનની નાણાકીય તથા સંસ્થાકીય કામગીરી સંબંધિત નિર્ણયો પર વિચારણા કરવામાં આવશે તેવી પણ અપેક્ષા છે.

3. ભારત એસસીઓનાં વિવિધ તંત્રોમાં સક્રિયપણે જોડાયેલું છે અને સ્ટાર્ટઅપ્સ તથા નવીનતા, ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને લોકોથી લોકો વચ્ચેના આદાનપ્રદાન જેવાં ક્ષેત્રોમાં વિવિધ પહેલો દ્વારા પ્રાદેશિક સહયોગમાં યોગદાન આપવાનું ચાલુ રાખે છે.

4. આ બેઠક ભારતને સંગઠનની અંદર વ્યવહારિક અને પરસ્પર લાભદાયી સહયોગને આગળ વધારવા અંગે એસસીઓના અન્ય સભ્ય દેશો સાથે વિચારોનું આદાનપ્રદાન કરવાની તક પૂરી પાડશે.

5. અગાઉની સરકારના વડાઓની પરિષદ (સીએચજી)ની બેઠક 18 નવેમ્બર 2025 ના રોજ રશિયાના મોસ્કોમાં યોજાઈ હતી. આ બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કર્યું હતું.

નવી દિલ્હી

19 ઑક્ટોબર, 2026